| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૬.૦° સે. | ૨૧.૦° સે. |
| આહવા | ૩૯.૦° સે. | ૧૯.૦° સે. |
| વલસાડ | ૩૪.૦° સે. | ૧૮.૦° સે. |
| વાપી | ૩૪.૦° સે. | ૧૮.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫



લુન્સીકૂઇમાં રસ્તા નીચેની પાણીની લાઇનમાંથી પાણીનો ફુવારો ફૂટતા મોટી માત્રામાં રસ્તા પર વહી જતું પાણી

# લીકેજથી રસ્તા પર વહી રહેલું પાણી

**નવસારીમાં** રસ્તા પર પાણીના ફુવારા, લુન્સીકૂઇમાં પાલિકાની કામગીરી પર સવાલ

**શહેરમાં** એક ટાઈમ પાણી આપી પાણી બચાવવા અપીલ કરતી પાલિકા પાણીનો બગાડ અટકાવતી નથી



નવસારી : શહેરમાં પાણીની અછતને ધ્યાનમાં રાખી નવસારી મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક મહિનાથી નાગરિકોને માત્ર એક ટાઈમ પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. સાથે જ પાણીનો ગેરવપરાશ ન કરવા અને જરૂરિયાત મુજબ જ પાણી વાપરવા તંત્ર દ્વારા વારંવાર અપીલો કરવામાં આવી રહી છે.

પરંતુ આ વચ્ચે શહેરના લુન્સીકૂઇ વિસ્તારમાં રસ્તા નીચેની પાણીની લાઈનમાંથી પાણીનો ફુવારો ફૂટી નીકળતા મોટી માત્રામાં પાણી રસ્તા પર વહી જતું જોવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પાણી પુરવઠો શરૂ થાય તે જ સમયે રસ્તામાંથી પાણી ઉછળતું જોવા મળે છે, જેના કારણે દરરોજ પાણીનો બગાડ થઈ રહ્યો છે. એક તરફ નાગરિકોને પાણી બચાવવાની સલાહ આપવામાં આવે અને બીજી તરફ જર્જરિત લાઈન અથવા લીકેજના કારણે રસ્તા પર જ પાણી વહેતું રહે તેવી સ્થિતિ ઉભી થાય ત્યારે તંત્રની કામગીરી પર સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં કટાક્ષભરી ચર્ચા પણ શરૂ થઈ છે. શહેરમાં પાણીની અછત વચ્ચે આ પ્રકારનો બગાડ અટકાવવા માટે પાલિકા તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે અને લીકેજ દૂર કરે તેવી માંગ શહેરીજનો દ્વારા ઉઠી રહી છે.

# નવસારીની સંકલનમાં તંત્ર પાણી, રોડ અને ડ્રેનેજ મુદ્દે ઘેરાયું

**ધારાસભ્ય** રાકેશ દેસાઈએ પાલિકા તંત્રને કર્યો સવાલોનો વરસાદ

**પીવાના** પાણીથી લઈને રસ્તા, ડ્રેનેજ અને તળાવોની સ્થિતિ મુદ્દે અધિકારીઓને અપાઇ તાકીદ



### તંત્ર વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરે

ધારાસભ્ય દ્વારા શહેરના વિકાસ કાર્યોમાં ગતિ લાવવા, નાગરિકોને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને વિવિધ વિભાગો વચ્ચે વધુ સંકલન જાળવવા માટે અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સાથે જ નાગરિકોને રોજિંદા જીવનમાં પડી રહેલી મુશ્કેલીઓ ઝડપથી દૂર થાય અને શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યો સમયસર પૂર્ણ થાય તે માટે તંત્ર વધુ જવાબદારીપૂર્વક કામગીરી કરે તેવી જરૂરિયાત પણ બેઠકમાં વ્યક્ત કરવામાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. શહેરમાં પાણી, રોડ અને ડ્રેનેજ જેવી મૂળભૂત સમસ્યાઓ યથાવત રહેતા સંકલન બેઠકમાં ઉઠેલા પ્રશ્નોએ હવે પાલિકા તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા કર્યા હોવાનું પાલિકા વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

નવસારી : નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ ખાતે શુક્રવારે યોજાયેલી માસિક સંકલન બેઠક શહેરના મૂળભૂત પ્રશ્નોને લઈને ગરમાઈ ગઈ હતી.

બેઠક દરમિયાન ધારાસભ્ય દ્વારા ખાસ કરીને શહેરમાં પીવાના પાણીની સમસ્યા અંગે ગંભીરતાપૂર્વક મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. શહેરના કેટલાક વિસ્તારોમાં પાણીની અછત, અપૂરતી સપ્લાય તેમજ નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે ધારાસભ્યએ તંત્રનું ધ્યાન દોર્યું હતું. સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં રોડ રસ્તાઓની હાલત બગડેલી હોવાની ફરિયાદો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ડ્રેનેજ વ્યવસ્થાની ખામીઓ પણ બેઠકમાં મુખ્ય મુદ્દા તરીકે સામે આવી હતી. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી કે ગટર લાઇનોના પ્રશ્નોને કારણે ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા યથાવત રહેતી હોવાની ટકોર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત શહેરના તળાવો, સફાઇ વ્યવસ્થા તેમજ અન્ય વિકાસ કાર્યોની ધીમી ગતિ અંગે પણ ધારાસભ્ય દ્વારા પાલિકા તંત્રને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ચર્ચા દરમિયાન એવી પણ ટકોર થઇ હોવાનું કહેવાય છે કે શહેરમાં વિકાસના અનેક કામો શરૂ થયા હોવા છતાં તેની અસર ઘણી જગ્યાએ દેખાતી નથી. ખાસ કરીને રોડ બનાવ્યા બાદ થોડા સમયમાં જ ડ્રેનેજ અથવા પાણીની લાઇનના સમારકામ માટે ફરી ખોદકામ થવાની પરિસ્થિતિને લઈને પણ અસંતોષ વ્યક્ત થયો હતો.

# દુબઇની હોટલમાં રહેવા જમવાના એક દિવસના સાડા પાંચ હજાર

**પ્રવાસીઓનું** પેકેજ ૭૦,૦૦૦ અને રિર્ટન ટીકીટના ૪૫,૦૦૦ રૂપિયા

**દુબઈમાં** ફસાયેલા ચીખલીના પ્રવાસીઓ ફલાઇટની ટીકીટના ત્રણ ઘણા ખર્ચી પરત ફર્યા

### દુબઇમાં દરરોજ ધડાકા સંભળાતા હતા

પ્રવાસી દલપતસિંહ ચૌહાણના જણાવ્યાનુસાર શારજહાંથી અમદાવાદની ફ્લાઇટમાં પરત આવ્યા હતા. જેમાં વ્યક્તિદીઠ ટિકિટના ૪૨,૦૦૦ રૂપિયા ચૂકવવા પડ્યા હતા. અને પેકેજની તારીખ બાદનો હોટલનો ખર્ચ પણ અમારે ભોગવવો પડ્યો હતો. દુબઇમાં દરરોજ ધડાકા સંભળાતા હતા. અમે બુર્જ ખલીફામાં હતા અને શો-ચાલુ હતો. ત્યારે ધડાકો થતા નાસભાગ મચી જવા પામી હતી.

ઘેજ : અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિમાં દુબઈમાં ફસાયેલા તાલુકાના પ્રવાસી ફ્લાઇટની ટીકીટના ગાંઠના ત્રણ ઘણા રૂપિયા ખર્ચી હેમખેમ પરત આવતા પરિવારજનોને હાશકારો થયો હતો.

દેગામના મિસ્ત્રી હોલિડેઝના માધ્યમથી તાલુકાના કુકેરી, રાનવેરી ખુર્દ, વંકાલ, ચીખલી ઉપરાંત ચાપલધરા, વલસાડ, બારડોલીના ૫૨ પ્રવાસીઓનું ગ્રૂપ દુબઇના પ્રવાસે ગયું હતું. દરમ્યાન અખાતી દેશોમાં યુદ્ધની સ્થિતિ સર્જાતા તમામ એરલાઇન્સોની ફ્લાઇટ કેન્સલ થતા આ પ્રવાસીઓ ફસાઈ ગયા હતા.

આ તમામ પ્રવાસીઓ દુબઇના મીનાબજાર વિસ્તારની એક હોટલમાં રોકાયા હતા. આ દરમ્યાન ત્રીજી માર્ચના રોજ તેઓનું પેકેજ પૂર્ણ થયું હોય હોટલમાં રહેવા જમવાના બે વ્યક્તિના એક દિવસના પાંચથી સાડા પાંચ હજાર રૂપિયા પોતાના ચૂકવવા પડી રહ્યા હતા.

ઉપરોક્ત સ્થિતિમાં ધીમે-ધીમે ફ્લાઇટો શરૂ થતાં ગાંઠના રૂપિયે બુકીંગ કરાવી ૫૨ પૈકી મોટેભાગના પ્રવાસીઓ પરત આવી પહોંચ્યા છે. અને જે બાકી છે તેઓનું સોમવારનું બુકીંગ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે યુદ્ધની સ્થિતિમાં બંધ થયેલી ફ્લાઈટો શરૂ થતાં તકનો લાભ લઇ એરલાઇન્સોએ ટિકિટના ભાવ વધારી દેતા સામાન્ય સ્થિતિમાં દસથી પંદર હજાર રૂપિયાની ટિકિટના ૪૨,૦૦૦ થી ૪૫,૦૦૦ રૂપિયા ખર્ચી પરત આવ્યા છે. આ પ્રવાસીઓનું પેકેજ ૭૦,૦૦૦ રૂપિયાનું હતું. પરંતુ યુદ્ધના પગલે પેકેજની તારીખ પુરી થયા બાદ હોટલનો ખર્ચ અને ટિકિટના ત્રણ ઘણા રૂપિયાનો સ્વખર્ચ કરવાની નોબત આવી હતી.

# ધરમપુરના સીમાવર્તી ગામોમાં રહસ્યમય ધડાકા અને ધ્રુજારી

**ગ્રામજનોમાં** ફફડાટ, અડધી રાત્રે લોકો ઘરની બહાર દોડી આવ્યા બાદ તંત્રને જાણ કરવામાં આવી



ધરમપુરઃ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ અને મહારાષ્ટ્રની સરહદને અડીને આવેલા ગામોમાં ગત રાત્રિથી આજે સવાર સુધી જોરદાર ધડાકા સાથે હળવા આંચકા અનુભવાતા સ્થાનિકોમાં ભારે ગભરાટ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગડી, પીપલપાડા, કોસીમપાડા, બીલધા અને મુરદડ જેવા ગામોમાં જમીનમાં કંપન અનુભવાયું હતું. ગડી ગામના સામાજિક કાર્યકર હરિલાલભાઈ ચૌધરીએ જણાવ્યું કે, રાત્રે ૧૨ વાગ્યે પ્રથમ ધડાકો થયો હતો, જેના કારણે ઊંઘમાં રહેલા લોકો ભયના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ સવારે ૧૦:૪૯ અને ૧૦:૫૦ કલાકે ઉપરાઉપરી બે જોરદાર ધડાકા સાથે ફરી આંચકા અનુભવાયા હતા.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે પણ આ વિસ્તારમાં હળવા આંચકા આવ્યા હતા, પરંતુ આ વખતે અવાજ અત્યંત તીવ્ર હતો. આ રહસ્યમય ધડાકા અને કંપનનું ચોક્કસ કારણ જાણી શકાય તે માટે ધરમપુર મામલતદાર અને પ્રાંત અધિકારીને તાત્કાલિક જાણ કરવામાં આવી છે. સદનસીબે, આ ઘટનામાં અત્યાર સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી, પરંતુ સરહદી ગામોમાં સતત થઈ રહેલા આ ફેરફારોને લીધે લોકોમાં ચિંતા અને કુતૂહલ વ્યાપ્યું છે.

# દીપડા અને બચ્ચાના ફોટા-વિડીયો વાયરલ, તપાસ જરૂરી

**ચીખલી** તાલુકામાં વન વિભાગે ગોઠવેલા કેમેરાના ફોટા 'ભારતીય ગામડાનો દીપડો' નામના પેઈજ ઉપર વાયરલ




### વન વિભાગમાં અધિકારીઓની નિષ્ક્રિયતા

ચીખલી વન વિભાગમાં અધિકારીઓની નિષ્ક્રિયતા વચ્ચે એક ખાનગી વ્યક્તિ સર્વસર્વા થઈને ફરી રહ્યો છે. વન વિભાગ પાસે સ્ટાફ નથી કે પછી જે સ્ટાફ છે તેની પાસે સમયનો અભાવ છે. પરંતુ દીપડાના પાંજરા, કેમેરા આ ખાનગી વ્યક્તિની મદદથી જ કરવામાં આવી રહ્યા છે. એક એનજીઓના નામે આ વ્યક્તિની દખલગીરી વધી છે. પરંતુ આ એનજીઓની નોંધણી થયેલી છે કે કેમ ? અને કોઈ અકસ્માતની ઘટના ઘટે અને જાનહાનિ થાય તો જવાબદાર કોણ ? તેવા અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

### તપાસ કરી નોટિસ આપવામાં આવશે

આરએફઓ રમેશભાઇ ગાવીતના જણાવ્યાનુસાર દીપડા કે તેના બચ્ચાના ફોટા-વિડીયો વાયરલ કરી શકાતા નથી. હાલે જે ફોટા-રિલ્સ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. તેની તપાસ કરી જરૂર પડ્યે નોટિસ આપવામાં આવશે.

ઘેજ : ચીખલી તાલુકામાં દીપડા અને તેના બચ્ચાના ફોટા-વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થવાની બાબતે વન વિભાગ તપાસ કરાવી જવાબદાર સામે કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

ચીખલી તાલુકામાં હાલે મહત્તમ શેરડીની કાપણી થઈ જતા ગામે ગામ ખેતરો ખુલવા થતા દીપડાઓના જાહેરમાં આંટાફેરા વધ્યા છે. બોડવાંક બાદ કુકેરીમાંથી પણ દીપડાના નવજાત મળી આવ્યા છે. દીપડાના બચ્ચા મળી આવ્યા બાદ વન વિભાગ આ બચ્ચાનો તેની માતા સાથે મિલાપ કરાવવા પ્રયત્નો હાથ ધરે છે. અને તે માટે નાઈટ વિઝન કેમેરા પણ ગોઠવે છે.

ઉપરોક્ત સ્થિતિમાં બોડવાંક ગામમાંથી ગત પહેલી માર્ચના રોજ શેરડીના ખેતરમાંથી દીપડાના ત્રણ નવજાત બચ્ચા મળી આવ્યા હતા. જ્યાં પણ વન વિભાગ દ્વારા કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. આ દરમ્યાન હાલે ત્રણેક દિવસથી સોશિયલ મીડિયામાં ભારતીય ગામડાનો દીપડો નામના પેઈજ ઉપર દીપડીના બચ્ચા અને આ બચ્ચાને મોઢામાં ઊંચકીને તેની માતા જતી હોય તે મુજબની રીલ વાયરલ કરવામાં આવી છે. અને આ પેઈજ પર બચ્ચાનો ફોટો, વિડીયો, રીલ સોશિયલ મીડિયામાં વહેતો કરી વન્યજીવોનું અંગત જીવન જાહેરમાં ઉજાગર કરવામાં આવ્યું છે. જેનાથી દીપડા જેવા વન્યજીવોના સંરક્ષણ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

ઉપરોક્ત સંજોગોમાં વન વિભાગ દ્વારા દીપડાના બચ્ચા અને દીપડાના ફોટા-રિલ્સ કોના દ્વારા વાયરલ કરવામાં આવી અને ગોઠવવામાં આવેલા કેમેરાના ફોટા, ફૂટેજ વનવિભાગની બહાર ખાનગી વ્યક્તિ પાસે કેવી રીતે ગયા ? તે તમામ બાબતે તપાસ કરાવી કાર્યવાહી કરે તે જરૂરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગના ધવલીદોડમાં જુની અદાવતમાં યુવક પર 6નો હુમલો

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ધવલીદોડ ગામ પાસે એક યુવક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે કોટબાના અનિકેત ગાવિત (ઉ.વ. ૨૧) દ્વારા આહવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, અનિકેતભાઈ તેમના નાના ભાઈ હિમેશ અને મિત્ર રાહુલભાઈ સાથે મોટરસાયકલ પર ધવલીદોડ ગામે ચિકન ટીક્કા ખાવા જઈ રહ્યા હતા. તે દરમિયાન આશિષભાઈ અને તેના સાથીદારોએ તેમને અટકાવ્યા હતા. આરોપી આશિષભાઈએ પાંચેક દિવસ પહેલા ફોન પર કેમ ધમકી આપતો હતો તેમ કહી ગાળાગાળી કરી ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ હનુમાન મંદિર પાસે અન્ય સાથીદારોએ ભેગા મળી ફરિયાદીને મોટરસાયકલ પરથી ઉતારી કોઈ બોથડ પદાર્થ વડે માથાના પાછળના ભાગે ઈજા પહોંચાડી હતી. હુમલાખોરોએ ફરિયાદી અને તેના ભાઈને માર મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. આ મામલે આહવા પોલીસે આશિષભાઈ, સમીર, શનિ, લક્ષ્મણ, અન્ય એક સમીર અને એક અજાણ્યા વ્યક્તિ (કુલ ૬ શખ્સો) સામે ગુનો નોંધી પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### જમીનની અદાવતમાં બોરલાઈમાં કાકાનો ભત્રીજા ઉપર કુહાડીથી હુમલો

ઉમરગામ : જમીનમાંથી ગેસલાઇન ગયેલી હોય જેના વળતરના પૈસા બાબતની અદાવતમાં ભીલાડ નજીક બોરલાઈમાં કાકાએ ભત્રીજા ઉપર કુહાડીથી હુમલો કરી ખભાના ભાગે ઇજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ઉમરગામ તાલુકાના બોરલાઈ ગામે ઝાડી ફળિયામાં રહેતા ફરિયાદી ભીખુભાઈ રડકાભાઇ વારલીને તેમના કુટુંબી કાકા છનીયાભાઈ લીટાભાઇ વારલી (રહે બોરલાઈ)એ ગુરુવારે બપોરના બે વાગ્યાના સુમારે બોરલાઈથી બોરીગામ જતા રોડ ઉપર રસ્તામાં આંતરી ઉભા રાખી ગાળો આપી કુહાડી વડે ડાબા ખભા ઉપર ફટકો મારી લોહી લુહાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. જેને ભીલાડ સરકારી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર વલસાડ સિવિલમાં કરાવી ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વડીલોપાર્જિત જમીનમાંથી ગેસલાઇનના વળતર પેટે પૈસા મળેલા હોય તે બાબતે ઉમરગામ કોર્ટમાં કેસ ચાલતો હોય અદાવત રાખી હુમલો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે.

### ચીખલીના દોણજામાં જુગાર રમતા ચાર ઝડપાયા

ઘેજ : ચીખલી પોલીસે દોણજા ગામે છાપો મારી જુગાર રમતા ચાર શકુનીઓને ઝડપી પાડી ૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ચીખલી પોલીસના સર્વલન્સ સ્ટાફના હે.કો-મહેન્દ્રભાઇ નેભાભાઇ, પો.કો-અલ્પેશભાઇ સાતાભાઇ, જયપાલસિંહ બળવંતસિંહ બાતમીના આધારે તાલુકાના દોણજા હાથીનગર ખુલ્લી જગ્યામાં રેડ પાડતા જુગાર રમતા ચારને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા ઇસમોની અંગ ઝડતી તેમજ દાવ ઉપરના ૮૩૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી જીતેશ ભીખુભાઇ પટેલ, દિલીપ કોયાભાઇ હળપતિ (બન્ને રહે.દોણજા હાથીનગર ફળીયા તા.ચીખલી), નિલેશ રમણભાઇ પટેલ, મહેશ રામુભાઇ પટેલ (બન્ને રહે. સાદડવેલ સોનારીયા ફળીયા)ને ઝડપી પાડી ફરિયાદ પો.કો-ગણપત ઇશ્વરભાઇ એ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હે.કો ધનસુખ મણિલાલ કરી રહ્યા છે.

# ડાંગમાં 15.40 લાખની છેતરપિંડી કરનાર ઝડપાયો

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોકાણકારોને નાણાં બમણા કરવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર વોન્ટેડ આરોપીને પકડી પાડવામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને સફળતા મળી છે. જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક જે.એચ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ LCBની ટીમ તપાસમાં હતી. આ દરમિયાન PSI જે.જી. અનડકટ અને તેમની ટીમને ટેકનિકલ સોર્સ દ્વારા બાતમી મળી હતી કે, આરોપી સંજયભાઈ ધીરૂભાઈ રાઠોડ (રહે. વલસાડ) બલવાડા ગામે એક લગ્ન પ્રસંગમાં આવવાનો



અને 7 મહિનામાં રકમ ડબલ કરવાની લાલચ આપી હતી. રોકાણકારોએ કુલ 18.40 લાખનું રોકાણ કર્યું હતું.

શરૂઆતમાં આરોપીએ 3 લાખ પરત આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો, પરંતુ બાકીના 15.40 લાખ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

આ ઘટના અંગે આહવા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને GPID એક્ટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધાયો હતો.

## ડાંગમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટક્કરે ઇક્કો પલટી જતા ત્રણને ઇજા

સાપુતારા : આહવાનાં મહાલપાડામાં માર્ગ અકસ્માત સર્જાયો હતો. ફરિયાદી રાજેશ પવાર ( રહે. આહવા) ઈક્કો નં GJ-30-A-1645 માં પત્ની અને પુત્ર વિક્કી સાથે કડમાળ તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ મહાલપાડા ગામના સબ સેન્ટર પાસે પહોંચ્યા, ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ GJ-18-GB-2935 ના ચાલક પ્રદિપ ઠાકરેએ સબ સેન્ટરના ગેટમાંથી અચાનક એમ્બ્યુલન્સ હંકારી ઈક્કો ગાડીને ટક્કર મારતા ઈકો ગાડી માર્ગ પર પલટી ખાઈ ગઈ હતી, જેમાં રાજેશભાઈ, પત્ની અને પુત્રને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ ઘટના અંગે આહવા પોલીસે એમ્બ્યુલન્સ ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## હત્યા કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

વલસાડ : વાપી જીઆઈડીસીમાં ચાની દુકાન પર પાંચ વર્ષ અગાઉ થયેલી હત્યા કેસમાં આરોપીએ જામીન પર છૂટવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી. જેની સૂનવણી હાથ ધરાતા જજ પુષ્પાબેન સૈનીએ એજીપી રાકેશ ચાંપાનેરિયાની દલીલ ગ્રાહ્ય રાખી આ અરજી નામંજૂર કરી છે. વાપીમાં બોસ્ટન ટી પાર્ટી નામની ચાની દુકાન પર સલમાન નામના યુવાનને કુહાડીના ઘા કરી તેને મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. આ કેસમાં પોલીસે મહમદ સઈદ ઉર્ફે ઈફતીખાર મહમદ અનવર શેખની ધરપકડ કરી હતી. જ્યુડિશ્યલ કસ્ટડી ભોગવતા ઈફ્તીખારે જામીન પર છૂટવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર કરાઈ છે.

ગ્રામ ઉત્થાન યોજનામાં સમાવેશથી ચીખલીને ચાર ચાંદ લાગી જશે અને લોકોની સુવિધામાં વધારો થશે

# ચીખલીનો ગ્રામ ઉત્થાન યોજનામાં સમાવેશ

**ગ્રામ** પંચાયત દ્વારા આ યોજના અંતર્ગત પાંચ કરોડ રૂપિયાથી વધુના આયોજનની દરખાસ્ત કરવામાં આવી

ઘેજ : ચીખલીનો મુખ્યમંત્રી ગ્રામ ઉત્થાન યોજનામાં સમાવેશ થતા સ્થાનિકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. ગ્રામ પંચાયત દ્વારા આ યોજના અંતર્ગત પાંચ કરોડ રૂપિયાથી ધુના આયોજનની દરખાસ્ત કરવામાં આવી છે. ચીખલીમાં એક બાજુ ગ્રામ ઉત્થાન યોજનામાં સમાવેશ તો બીજી બાજુ સ્થાપિત સત્તા મંડળ અંતર્ગત ટાઉન પ્લાનિંગ કમિટીની પણ રચના થતા હાલે વિકાસના મામલે બંને હાથમાં લાડુ જેવી સ્થિતિ સર્જાય છે.

ગ્રામ પંચાયત પાસે આયોજન મંગાવાતા ગ્રામ પંચાયત દ્વારા ગામમાં શાકભાજી, ફ્રુટ માર્કેટ, વોટર વર્કસ યોજના, કોમ્યુનિટી હોલ, ગ્રામ પંચાયત કચેરીના રીનોવેશન, ત્રણ જેટલા હાઈમાસ્ટ ટાવર સહિતના વિકાસના કામોના પાંચ કરોડ રૂપિયાથી વધુના કામોના આયોજનની તાલુકા અને જિલ્લા પંચાયતમાં દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે.

ચીખલીનો છેલ્લા વર્ષોમાં હરણફાળ વિકાસ થયો છે. અને હવે મુખ્યમંત્રી ગ્રામ ઉત્થાન યોજનામાં સમાવેશથી ગામને ચાર ચાંદ લાગી જશે અને લોકોની સુવિધામાં વધારો થશે તે નિશ્ચિત છે. આ યોજનાનો મહત્તમ લાભ લોકોને મળે તે માટે સરપંચ વિરલભાઈ અને ટીમ દ્વારા કમર કસવામાં આવી રહી છે.

### ચીખલી નગરપાલિકા બનવાની શક્યતા નહિવત

હવે ચીખલી નગરપાલિકા બનવાની શક્યતા નહિવત થવા પામી છે ત્યારે કેટલાક કોર્પોરેટર બનવાનો ખ્વાબ જોઈ રહેલાના અરમાનો પર પાણી ફરી વળવા પામ્યું છે. જોકે ચીખલી સાથે આજુબાજુના અન્ય ગામોને સમાવેશ કરી નગરપાલિકાની રચનાની હીલચાલ સામે ઘણા આગેવાનો અને ગામોમાં વિરોધના સુર હતા જ ત્યારે હવે નગરપાલિકાની શક્યતા નહિવત થતા કહી ખુશી કહી ગમ જેવો ઘાટ સર્જાયો છે.

### ભૂગર્ભ, વીજ જોડાણ, સીસીટીવી સહિતના ૧૦ કરોડના કામોની દરખાસ્ત

ચીખલીમાં રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા માર્ચ 1989 માં સ્થાપિત સત્તા મંડળની રચના માટે જાહેરનામું પણ પ્રસિદ્ધ કરાયું હતું. જેને એક્ટિવ કરવા સરપંચ વિરલભાઈ દ્વારા પ્રયત્નો હાથ ધરાયા હતા. હવે સહાયક અનુદાન મેળવવા આયોજન મંગાવાતા ગ્રામ પંચાયત દ્વારા ભૂગર્ભ, વીજ જોડાણ, સીસીટીવી, સુરક્ષા વ્યવસ્થા, ફાયર સ્ટેશન અને સ્ટ્રીટ ફાયર લાઇન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તમામ સ્ટ્રીટ લાઇટ સોલાર આધારિત કરવા ક્રિકેટ ગ્રાઉન્ડમાં પેવેલિયન ડ્રીપ ઈરીગેશન કરવા સહિતના ૧૫ જેટલા ૧૦ કરોડ રૂપિયાના કામોની દરખાસ્ત કરવામાં આવી છે.

### જરૂરી કામોના આયોજનની દરખાસ્ત મોકલી આપવામાં આવી છે

સરપંચ વિરલ પટેલના જણાવ્યાનુસાર મુખ્યમંત્રી ગ્રામ ઉત્થાન યોજનામાં જરૂરી કામોના આયોજનની દરખાસ્ત મોકલી આપવામાં આવી છે. આ ઉપરાંત સ્થાપિત સત્તા મંડળ અંતર્ગત ટાઉન પ્લાનિંગ કમિટીની સરપંચના અધ્યક્ષ પદે રચના કરી એક મીટીંગ પણ યોજાઇ ગઇ છે. આ કમિટીમાં પ્રાંત, નગર નિયોજક અને ચૂંટાયેલા પાંચ સભ્યોનો સમાવેશ કરાયો છે. અને ટાઉન પ્લાનિંગ માટે ટેકનીકલ પર્સનની માંગણી પણ કરવામાં આવી છે.